# એડીનેટ ઈ – ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૫૨ જાન્યુઆરી-૨૦૧૯


| CONTENTS | Page No. |
|---|---|
| નૂતનવર્ષાભિનંદન | 2 |
| ભારતની શિક્ષણ પધ્ધતીના નવ પ્રભાતની જાગૃતિની ચળવળ | 3 |
| એમેઝોન ભારતમાં શરૂ કરે છે. શ્રાવ્ય પુસ્તકો | 3 |
| તમારી ઈ-મેઈલને મજબુત બનાવો | 3 |
| વિશિષ્ટ જ્ઞાનનું ક્ષેત્ર | 3 |
| યુનિવર્સીટીઝ મોટા ડેટાના પર ભાર આપે છે કારણ તે ઘણા વ્યવસાયોની શક્યતા વધારે છે | 3 |
| ડેટાનાં આધારે રહેતા સમાજને ડેટા જ્ઞાન | 5 |
| જ્ઞાન ને કેમ સંચાલિત કરવું | 5 |
| જોબ્સ રિપોર્ટ ૨૦૧૮નુ ભવિષ્ય (વર્લ્ડ ઈકોનોમિક ફોર્મ દ્વારા) | 6 |
| ડીજીટલ થવાથી સ્કૂલબેગનું વજન ઘટે | 7 |
| પ્રેરણા બુક બેન્ક | 7 |
| ગુગલ યુ.એસ.ની લાયબ્રેરીઝને ડીજીટલ ટ્રેઈનીંગ હબમાં ફેરવવા માંગે છે | 8 |
| સેમસંગ ઈન્ડીયાનો માધ્યમિક શાળા માટે શૈક્ષણિક ટેકનોલોજી વિકસાવવાનો પ્રોજેક્ટ | 8 |
| ઇન્ડસ્ટ્રી ૪.૦ માટે કેમ તૈયાર થવું | 9 |
| ઈ કન્ટેન્ટમાં માનકો શાળા માટે | 9 |


એડીનેટ તરફથી નવા વર્ષની શુભેચ્છાઓમાં
૧૨ મહિનાની સફળતા
૫૨ અઠવાડિયાનું હાસ્ય
૩૬૫ દિવસની મજા
૮૭૬૦ ક્લ્લાકનો આનંદ
૫૨૫૬૦૦ મીનીટનું સદભાગ્ય
૩,૧૫,૩૬૦૦૦ સેકન્ડની ખુશી રહો

## ભારતની શિક્ષણ પધ્ધતીના નવ પ્રભાતની જાગૃતિની ચળવળ :-

સ્ત્રોત:

https://www.mangalorean.com/dawning-of-a-movement-to-transform-indias-education-system/

## એમેઝોન ભારતમાં શરુ કરે છે. શ્રાવ્ય પુસ્તકો :-

શ્રાવ્ય પુસ્તકો લાવાજમથી, વિનીમય અને પરત કરવાની યોજનાથી

એમેઝોનની આ સેવા હવે ભારતમાં પણ આવી ગઈ છે જેમાં લવાજમ, કિંમતી અને રસપ્રદ, વચ્ચુઅલ લાયબ્રેરી 'બુક્સ ઓન ટેપ'ના નામથી આવી છે. તેમાં આપલે, પરત જેવા વિકલ્પો છે.

હાલ આમાં હજારો પુસ્તકો છે અને એમેઝોન વધુ પુસ્તકો મુકશે અને તેમાં રોજબરોજ અપડેટ સાથે આંતરરાષ્ટ્રીય અને ભારતીય લેખકોના પુસ્તકો સામેલ કરવાની ધાડસ એમેઝોને આપી છે.

સ્ત્રોત:

| https://www.mysmartprice.com/gear/amazon-launches-audible-audio-books-attractive-subscription-plans-exchange-return-facility/

## તમારી ઈ-મેઈલને મજબુત બનાવો :-

સામાન્ય રીતે ઈ-મેઈલમાં ભૂલો થતી હોય છે. આના સ્ત્રોતથી આવી ભૂલોને ટાળીને તમારી ઈ-મેઈલ વધુ મજબુત કરી શકાય.

સ્ત્રોત:

| Economic Times | 27th November 2018

## વિશિષ્ટ જ્ઞાનનું ક્ષેત્ર :- (લાયબ્રેરી અને ઈન્ફર્મેશન સાયન્સ)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન એ પુસ્તકોની આપ-લેથી વધુ એવું વિશિષ્ટ જ્ઞાનનું ક્ષેત્ર છે.

આજે ઘણા લોકો માને છે કે લાયબ્રેરીયનને પૂછો અને ગુગલ સર્ચ કરો એ સરખું છે પણ ભૂલ ભરેલો ભ્રમ છે.

લાયબ્રેરીયન કોમ્પ્યુટર સાથે તો કામ કરી શકે છે પણ સાચી, અને વિશિષ્ટ માહિતી મેળવવા માટે તેઓને ખાસ તાલીમ અપાય છે. માહિતી ક્યાં મળશે, જલ્દી કેમ મળશે અને વિશ્વાસપાત્ર માહિતી કયાંથી મળશે તે માટે ખાસ તાલીમ પામેલા હોય છે.

સ્ત્રોત:

https://www.tribuneindia.com/news/jobs-careers/much-beyond-books/689850.html

## યુનિવર્સીટીઝ મોટા ડેટાના પર ભાર આપે છે કારણ તે ઘણા વ્યવસાયોની શક્યતા વધારે છે :-

ડૉ. અમિત સિન્હા, કિર્લાસ્કર ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ મેનેજમેન્ટ પૂણેમાં ડાયરેકટર છે તે જણાવે છે કે આ યુગ જ મોટા ડેટાનાં કામ પર ચાલે છે. મોટી ઇન્ડસ્ટ્રીઝ હોય કે મધ્યમ

કક્ષાનો બીઝનેસ હોય તેઓ મોટા ડેટાનું કામ કરી શકે તેવા લોકોને રોકે છે.

મોટા ડેટા અને તેનું એનાલીસીસ (પૃથ્થકરણ) એ ધંધા અને ઉધોગ બન્ને માટે ઉપયોગી છે. છેલ્લા કેટલાક વખતમાં આ વ્યવસાયમાં ઉછાળો આવ્યો છે. કારણ ડેટા એનાલીસીસ કોઈ પણ બિઝનેસને ઉંચા શિખરો સર કરાવી શકે છે.

શિક્ષણ ક્ષેત્રે આ વિષયને ઉચ્ચતર કક્ષાનું બનાવવાનું એ મોટો પડકાર છે. ખર્ચાળ બનતા શિક્ષણ અને વ્યવસાય માટે ફક્ત ડીગ્રી નહીં પણ તેથી વિશેષ જ્ઞાન આપવું આવશ્યક થઈ ગયું છે.

ડેટા એનાલીસીસ દ્વારા માહિતીનું સંયોજન, હાલના પ્રવાહ એના પર ભાર મુકવા કહે છે. ડેટાનો સાચો ઉપયોગ કરતાં આવડે તેવું ઉચ્ચતર શિક્ષણ આપવું જેનાથી

- પ્રક્રિયાનું મૂલ્યાંકન
- સક્રિયતાનું નિર્માણ
- વિધાર્થીઓના સામાન્ય અનુભવમાં સુધારો.

### કયાંથી શરુ કારનું?

### વિદ્યાર્થી

પ્રાથમિક તબક્કે ડેટા એટલે કે, માહિતીના આંકડાનું પુથ્થકારણ કરવા ટેવાય તેવા વિદ્યાર્થી તૈયાર કરવા. તેને માટે અભ્યાસક્રમમાં ડેટાનું પૃથ્થકરણ અને તારણની પ્રકિયા અભ્યાસક્રમમાં સાંકળવી.

### શિક્ષણ

ડેટા/માહિતીનું પૃથ્થકરણ કરતાં શીખવવું એ અભ્યાસક્રમનો મુખ્ય ભાગ હોવો જોઈએ. આમાં ડેટાનું પૃથ્થકરણ એ રીતે કરવું કે તે ડેટા ભેગા કરી તેનું અભ્યાસ અર્થે અર્થઘટન થઈ શકે. તે માટે :-

ઉચ્ચત્તર શિક્ષણ સંચાલનને સુધારવી

શિક્ષણની ટેકનીક શિક્ષણના વાતાવરણને સુધારવું, શિક્ષણનાં સાધનો સુધારવાં.

### ડેટાનાં પૃથ્થાકારનની જરૂર

### ચલણ અને આંતરદ્રષ્ટિ

૧૯૫૦ના સમય સુધી ડેટાની મદદથી ચલણ કે વલણનું અર્થઘટન સહેલું નહોતું જેનાથીસંચાલન અને નિર્ણયો લેવાનું સરળ થાય.

### શૈક્ષણિક માહિતી :-

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ત્રણ પ્રકારની ડેટા પૃથ્થાકારનની પધ્ધતિ બહુ સામાન્ય છે.

૧) ઈ.ડી.એમ.એજ્યુકેશનલ ડેટા માઈનીંગ શૈક્ષણિક ડેટાની ખાણ શિક્ષણને લગતા, મોટા પ્રમાણના ડેટાને બદલે છે. આ શિક્ષણ કર્તા અને સંચાલકોને કે જેનાથી પ્રશ્નનું નિરાકરણ લાવી શકે તે રીતે ડેટાને ગોઠવીને અર્થઘટન થઈ શકે

જેથી ઓનલાઈન કસોટી લઈ શકાય અને વિદ્યાર્થીઓનો પ્રવેશનો દર નક્કી થઈ શકે.

૨) એલ.એ. લર્નીગ એનાલીસીસ શિક્ષણનું પૃથ્થકરણ. આમાં સંચાલકો, શિક્ષકો, અને પ્રશ્નોની રચના વિશે માહિતી આપી શકે જેથી કરીને શિક્ષણનો પ્રવાહ અને તેનું વલણ સુધારવા માટે મદદરૂપ થાય.

## શૈક્ષણિક પૃથ્થકરણ

શૈક્ષણિક ડેટાનો અભ્યાસ કરીને એના પૃથ્થકારણ પરથી તારણ કાઢી, પ્રશ્નોના મુળમાં જઈ શકાય છે. તે સાથે વિદ્યાર્થીની સફળતાનો દર જાણીને માનવ સંસાધનમાં સુધારાનો દર જાણી શકાય.

આ પૃથ્થકરણથી શિક્ષણના સુધારાનો દર અને વિદ્યાર્થી શિક્ષણના સંબંધના સુધારાના દરનો ખ્યાલ આવી શકે.

સ્ત્રોત :

|http://www.afternoondc.in/epaper/EpaperPost.aspx?id=236521

## ડેટાનાં આધારે રહેતા સમાજને ડેટા જ્ઞાન :-

વાસ્તવિક જગતના પ્રશ્નોને સમજવા અને પ્રશ્નોના નિરાકરણ માટે જે સમાજ ડેટાનો આધાર લે છે સમાજને ડેટાને સમજવાનું શિક્ષણ હોવું જરૂરી છે. પ્રસ્તુત ડેટાના આધારે પોતાના પ્રશ્નોના હલ મેળવવાનું ચલણ વધતું જાય છે તેથી તેનું જ્ઞાન હોવું એ જીવન શૈલી ગણાય છે.

ડેટા લીટ્રસી વિશે સમજ માટે એક સંદર્ભ ઉપયોગી થઈ શકે તેમ છે. આ એક સામાયિકનો લેખ છે જેની વિગત: (વોલ્ફ અનિકા ગુચ, દેનીયલ વગેરેના વોલ્ફ અનિકા ગુચ, દેનીયલ વગેરેના) જનરલ ઓફ કોમ્યુનીટી ઇન્ફર્મેશન, ૧૨(૩)PP 9:26:, ક્રીએટીંગ એન અન્ડર સ્ટેડીંગ ઓફ ડેટા લીટ્રસી ફોર ડેટા ડ્રીવન સોસાયટી શીર્ષકવાળા લેખમાં છે.

સ્ત્રોત:

| http://oro.open.ac.uk/47779/8/1286Article%20Text-7817-2-10-20161121%20%281%29.pdf

## જ્ઞાન ને કેમ સંચાલિત કરવું :-

જ્યારે કર્મચારી થોડો વખત કામ કરીને ચાલ્યા જાય ત્યારે ઉધોગનું ઉપયોગી જ્ઞાન અને કૌશલ્ય તેમની સાથે લઈ જાય છે.

ઉધોગમાં જેમ થાય છે તેમ, હોસ્પિટલમાં જ્ઞાન/માહિતીને સંચાલિત કરવાનું મુશ્કેલ છે. પોતાની સાથે માહિતીની મતા, અનુભવનું જ્ઞાન લઈને જતા કાર્યવહન મુશ્કેલી ઉભી થાય છે. આના કારણે જ્યારે અનુભવી કર્મચારી છોડીને જાય ત્યારે ઉધોગના સારા ગ્રાહક પણ તેની સાથે જતા રહેતા હોય છે.

અસરકારક મેનેજમેન્ટ (સંચાલન) જ ધંધાને સારી રીતે ચાલુ રાખી શકે છે. સારી સેવા આપી શકે, ગ્રાહક સાથે પ્રમાણિકતા જાળવી શકે, ટર્ન ઓવર સારું રહે, અને એક સારો સ્પર્ધાત્મક ફાયદો મળે. જ્ઞાન તો વ્યાખ્યાથી, લખાણથી, દસ્તાવેજોથી આપી શકાય, પણ આપણો ઉધોગ

જો માનવ કૌશલ્યથી ચાલતો હોય તો તેનું દસ્તાવેજીકરણ અઘરું થઈ જાય.

આપણે અનુભવ્યુ છે કે નવા આવેલા સહકર્મી, ઘણા પ્રશ્નો પૂછે ત્યારે મોટાભાગે બધા પ્રતિકાત્મક પ્રતિભાવ આપતા હોય છે. પણ તે વ્યકિતગત માનસિકતા પર આધાર રાખે છે. હોટેલ મેનેજમેન્ટમાં કામ્પ્યુટરની મદદ લેવાય છે. પણ બધા ક્ષેત્રોમાં તે પોસાય કે કેમ? કારણ તે મોટો ખર્ચો માંગી લે છે. પણ છતાં અહી થોડી યુકિતઓ નોંધી શકાય.

કામની શરૂઆતમાં સુચનાઓ આપવી અને અંતે તેને રદબાતલ કરવી, શેના કારણે કામ સારી રીતે થયું અને કઈ ભૂલને લીધે ન થયું, તેની ચર્ચા કરી, ફરી ફરી એવી ભૂલ ન થાય તેની ટૂંકી નોંધ રાખવી અને તે બધાને સંદર્ભ માટે લભ્ય રાખવી.

જ્ઞાનનો વારસો સમયસર બીજાને આપવો અને નવા આવનારને તે રીતે માહિતગાર કરવા જેથી કાર્યપધ્ધતી અને અપાતી સેવામાં અવરોધ કે રુકાવટ ન આવે.

સંપર્ક અને સંવાદ સતત ચાલુ રાખવો જેથી અનુભવી કાર્યકર્તાનાં જ્ઞાનનો પ્રવાહ સતત ચાલુ રહે:

- વારાફરતી કાર્યક્ષેત્ર બદલતા રહેવાથી નવાને બધો અનુભવ મળી રહે.
- સમયાંતરે તેમનો તેમનો મત લેવો અને નોંધવો
- તાલીમનો સમય ફાળવવો
- ટીમ કલ્ચર જાળવવું

અનુભવી કાર્યકરો આ બધા માટે બહુ રાજી થઇ સહકાર ન પણ આપે અને તેઓને આમાં શામીલ થવા સમજાવવું અઘરુ પડે; ત્યારે તેમને થોડું વધુ મહત્વ આપી શામીલ કરવા અને તેમના પ્રયત્નને બિરદાવો.

એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જ્ઞાન સંચાલન કાર્યવાહી ચાલુ રાખવા પુરતુ સીમીત નથી પણ કાર્યને ઊંચા સ્તરે લઈ જવાનું અને ઉપભોક્તાનું વધુ ને વધુ સંતોષ આપવાનું જરૂરી છે.

લેખક માઈકેળ પાપૈઓનોઉ શેફીફીલ્ડ હોલેમ યુનીવર્સીટી ખાતે વરિષ્ઠ વ્યાખ્યાતા છે.

સ્ત્રોત:

| https://www.thecaterer.com/articles/541743/how-to-manage-knowledge

## જોબ્સ રિપોર્ટ ૨૦૧૮નુ ભવિષ્ય (વર્લ્ડ ઈકોનોમિક ફોર્મ દ્વારા) :-

શું ઓટોમેશનથી ચાલતું ફલેકસી સ્ટાફીંગ અર્થતંત્રને સુધારે છે ? ડબલ્યુ. ઈ. એફ.નો "ફ્યુચર ઓફ જોબ્સ રીપોર્ટ ૨૦૧૮ ચર્ચે છે કે ઓટોમેશનની અસરથી 'જોબ્સ કાર્યો'નું ભવિષ્ય સુધરે છે ? પહેલા મળેલા રીપોર્ટ પ્રમાણે (વર્લ્ડ ઈકોનોમિક ફોર્મ દ્વારા) ઓટોમેશન અને આરટફિસિયલ ઈન્ટેલીજન્સ (૨૦૨૨ સુધીમાં)

૭૫ મીલીન્યમ જોબ્સનું કામ કરશે, પણ વાત એટલી દુ:ખી થવા જેવી નથી કારણ આને લીધે ૧૩૩ મીલીયન જોબ નવા ઉભા થશે જેમાં માનવથી યંત્રોને જોડતી કડીનું કામ કરવું પડશે. આ સમીકરણો આવતા પાંચ વર્ષમાં બદલાઈ જશે.

સ્ત્રોત:

| [http://www3.weforum.org/docs/WEF_Future_of_Jobs_2018.pdf](http://www3.weforum.org/docs/WEF_Future_of_Jobs_2018.pdf)

## ડીજીટલ થવાથી સ્કૂલબેગનું વજન ઘટે :-

મિનિસ્ટ્રીએ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટના જણાવ્યા અનુસાર, અગામી થોડા વર્ષોમાં વિદ્યાર્થીના

વાંસે ઉચકવાનો ભાર થોડો હળવો થવાની શક્યતા છે. આ શક્યતાને આવકારઈ છે. પરંતુ અભ્યાસક્રમને બદલવા જેટલું સહેલું છે કે કેમ ? માનવ સંશાધન વિભાગ જણાવે છે કે (૧ અને ૨) ધોરણમાં આ વજન ૧ થી ૧.૫ કીલો, ધોરણ ૩જા થી ૫મા ૨ થી ૩ કીલો અને ધોરણ ૬ થી ૭માં અને ૮ થી ૧૦ ધોરણમાં ૪.૫ થી ૫.૦૦ કીલો થી વધુ ન હોવું જોઈએ. ડીજીટાઈજેશન એ ઉત્સાહ વર્ધક છે પણ સાથે પ્રિન્સીપાલ અનુષા શર્માના મતે આ બોજ ઉચકવાનું વિદ્યાર્થીના શરીર માટે હીતાવહ નથી વળી તે ધાર્યું વજન રહે તે શક્ય નથી. એ વધુ અગત્યનું છે કે અભ્યાસક્રમને બદલવો, કે થોડુ વાંચન લેખન શાળામાં જ કરાવવામાં આવે કે થોડું ડીજીટલ ફોરમેટમાં રખાય. વધુ વજન ઉચકવું શરીરમાં અને ખાસ કરીને કરોડમાં વિકૃતિ લાવી શકે કારણ ૧૨ વર્ષ સુધી હાડકાં અને સ્નાયુઓ બહુ કોમળ હોય છે.

સ્ત્રોત:

| **Business Line | 29th November 2018**

## પ્રેરણા બુક બેન્ક :-

બાળકો માટે ચાર રાજ્યોમાં દંપતીનું લાયબ્રેરી ‘સ્ટાર્ટઅપ’

મેરઠ નજીકના મોદીનગરમાં અનુસ્નાતક ડીગ્રી ધરાવતા, અમિતા શર્મા ૩૨)ને જે વિદ્યાર્થીઓને જેનામાં કૌશલ્ય છે, ધગશ છે પણ કોઈ લાયબ્રેરી સવલત ઉપલબ્ધ નથી તેને માટે કંઈક કરવાની તત્પરતા હતી. ૨૦૧૬ તેમના પતિની સાથે મળીને જે વિદ્યાર્થીઓ વંચિત છે તેવા માટે કંઈક કરવા વિચાર્યું અને તેમણે ‘પ્રેરણા બુક બેન્ક’ ચાલુ કરી અને આજે તે વિકસીને ચાર રાજ્યોમાં વિસ્તરી છે. આ ૪૦ જેટલા કસ્બાઓમાં પહોંચી છે.

આ દંપતિ સ્કુલ અને કોલેજમાં જઈ ઉપયોગી ન હોય તે પુસ્તકો ઉઘરાવી, આ સેવા વિનામુલ્યે શરૂ કરી. વિચાર નવો હતો તેથી આવકાર નબળો હતો. તેમને કોઈની જગ્યા ફાળવવા પણ તૈયારી નહોતી પણ કેટલીક ગૃહિણીઓ અને કન્યાઓના સહકારથી પ્રવૃત્તિને વેગ મળ્યો. પટલા (ગાઝીયાબાદ)ના વિશાખા દેવી (૩૫)ગૃહિણી છે, ત્રણ અનુસ્નાતક ઉપાધિ પછી

એમને જીવન તથ્યહીન લાગતું હતું તે હવે આમાં જોડાઈ તથ્યપૂર્ણ જીવન જીવતા હોય તેવું હવે માને છે. વિદ્યાર્થીઓ જે આનો લાભ લે છે તેમનો બહુ સકારાત્મક અભિપ્રાય છે.

હાલ તેમની પાસે ૨ લાખ જેટલાં પુસ્તકો છે, ૪૫૦૦ જેટલા સભ્યો છે. હાલ ગાંઝીયાબાદમાં (૧૫), મેરઠમાં (૮), ઉત્તરાખંડમાં (૩), દિલ્લી (૪) અને હરિયાણામાં (૧) લાયબ્રેરી બની ગઈ છે.

સ્રોત:

| https://timesofindia.indiatimes.com/

## ગુગલ યુ.એસ.ની લાયબ્રેરીઝને ડીજીટલ ટ્રેઈનીંગ હબમાં ફેરવવા માંગે છે :-

જાન્યુઆરીમાં યુ.એસ.નાં ૫૦ રાજયોમાં એક મોટા પાયાનો પ્રોજેક્ટ હાથ ધરાશે જેમાં બધી જ ઉમરના બીઝનેસવાળા કે કામ શોધાતા પાયાના સંશોધનો જેવા કે સ્માર્ટફોન, કે સ્પ્રેડશીટ વિષેની તાલીમ અપાશે. જે આખું વર્ષ ચાલુ રહેશે. શરુઆતમાં ૩૦ જેટલી 'લાયબ્રેરીઝમાં લાયબ્રેરી રેડી ટુ કોડ' નામનો પ્રોગ્રામ ચાલુ કર્યો જેમાં સ્ટાફને ટ્રેનીંગ અપાઈ જે દેશની ૧,૨૦,૦૦૦ લાયબ્રેરીને ટ્રેઈન કરવાની છે. 'લાયબ્રેરી તેમની પ્રજાને વરેલી છે અને ડીજીટલ કોમ્યુનીટી સેન્ટર તરીકે વિકસી રહી છે' તેમ સ્ટીફન બ્રોવનું કહેવું છે. ફોકસ બીઝનેસનાં અભિપ્રાયો કહે છે લાયબ્રેરી '**ગ્રો વિથ ગુગલ**'નું કામ કરશે.

૨૦૧૫ પ્યુ રીસર્ચ સેન્ટર પોલના તારણો જણાવે છે કે ૯૪% લોકો માને છે કે લાયબ્રેરીનો ઉપયોગ લોકોને ડીજીટલ બનવાની તાલીમ આપવામાં જોડાવું જોઈએ. ખાસ કરીને વયસ્કોને આખા રાષ્ટ્રના પ્રવાસ દમ્યાન ગુગલ અમેરિકન લાયબ્રેરી એસોસીએશને એક મીલીયન યુ.એસ. ડોલર આપાશે જે 'માઈક્રો ફંડ'માં વહેચાશે અને ૨૫૦ લાયબ્રેરી કોડીંગ પ્રોગ્રામ માટે મળશે.

ગુગલ પ્રતિનિધિ ત્રણેક શહેરમાં રોજનો એક દીવાલ ટ્રેનીંગ આપી, વ્યકિતગત તાલીમ આપશે. આ પછી જેતે લાયબ્રેરીને જોઈતું માર્ગદર્શન આપતા રહેશે. ગયા ઓગસ્ટની અંતે પણ આવો એક પ્રોગ્રામ ગુગલે કરેલો. મીલીટરી વેટ્રન્સ તેનો લાભ લીધેલો. બ્રાવના માટે તેઓ વિવિધ સમુહોને અને જુદા જુદા કદના સમુહોને આમાં આવરી લેવા માંગે છે.

સ્રોત:

| https://www.foxbusiness.com/technology/google-aims-to-transform-us-libraries-into-digital-training-hubs

## સેમસંગ ઈન્ડીયાનો માધ્યમિક શાળા માટે શૈક્ષણિક ટેકનોલોજી વિકસાવવાનો પ્રોજેક્ટ:-

સેમસંગે 'માય ડ્રીમ' નામનો, ખુબ આવકારદાયક પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમણે શરૂઆત યુનેસ્કો, મહાત્મા ગાંધી ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન ફોર પીસ એન્ડ સસ્ટેઇનેબલ ડેવલોપમેન્ટ અને નવોદય વિધાલય સમિતિના

સહકારથી એક સર્વેથી કરી હતી. જેમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીમાં વધતા માનસિક દબાણ અને અસ્વસ્થતા માટે અને તેનું કોઈ ટેકનોલોજીથી નીવારણ કરવાનો હતો.

આની સમાંતર પ્રકારે આંધ્ર પ્રદેશમાં સેમસંગે 'સ્માર્ટ કલાસ' નામનો પ્રોજેકટ જાહેર કર્યો છે. જેમાં ૧૪ જેટલી સરકારી કોલેજો આવરી લેવાઈ છે અને બી.એડ. અને ડી.એડ. કેળવણીના સ્નાતક અને ડિપ્લોમા અભ્યાસક્રમો આવરી લેવાયા છે.

સેમસંગ સ્માર્ટ કલાસ ૨૦૦ કલાકના વ્યાખ્યાન શૈક્ષણિક વિડીયો અને શ્રાવ્ય સાધનોથી અભ્યાસક્રમને આવરી લેવા માંગે છે. આ ટીચીંગ ટીચર્સ ફોર ટેકનોલોજી અન્વયે શિક્ષકોને તાલીમ આપી, ડીજીટલ અધ્યાપન સાધનો ઉભા કરી રહ્યા છે.

'માય ડ્રીમ' પ્રોજેક્ટમાં સંશોધન કરી ભારતના બધા જ જવાહરલાલ નહેરુ વિધાલયમાં બે વર્ષના સંશોધન કરી વિચારક અને સંવેદનશીલ યુવાનોને શિક્ષણ અને પ્રશિક્ષણ તેમને બોજો ના લાગે પણ તેઓ માણે એવો પ્રયત્ન છે.

પહેલા સેમસંગ સ્માર્ટ કલાસમાં ૨.૫ લાખ લોકોને ફાયદો થયો છે અને ૮૦૦૦ શિક્ષકોને તાલીમ મળી છે જેને વાપરવાથી શિક્ષણ વધુ માણી શકાય અને સંવાદ પૂર્ણ બની રહે. સેમસંગ સ્માર્ટ ક્લાસમાં સેમસંગ ઈન્ટરેટીવ સ્માર્ટ બોર્ડ અને wifi છે.

આ સાધનોથી સેમસંગ ટેકનોલોજી અને શિક્ષણને જોડીને શિક્ષણમાં નવી ક્રાંતિ આણી છે. જેની અસર શિક્ષણ અને શીખવા પર પડી છે. રચનાત્મક માનસ અને શિક્ષણ એ આગળ વધતા ભારતનું ભવિષ્ય બની રહેશે.

સ્ત્રોત:

| https://techgraph.co/inside/samsung-apologies-to-factory-workers-in-cancer-case/

## ઇન્ડસ્ટ્રી ૪.૦ માટે કેમ તૈયાર થવું :-

હાલનું જનરેશન ચોથી ઔધોગિક ક્રાંતિ કાળમાં જ્યાં શિક્ષણને સીમા નથી તેમાં કેમ રહેશ.

ભવિષ્ય માટે કૌશલ્ય

સામાજીક અને રચનાત્મક કૌશલ્ય

બાળલક્ષી અભ્યાસક્રમ

સ્ત્રોત:

| Times of India | 3rd December 2018

**ઈ કન્ટેન્ટમાં માનકો શાળા માટે** નક્કી કરતુ માનવ સંશાધન વિભાગ

સ્ત્રોત:

| Hindustan Times | 3rd December 2018

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ.

**અનુવાદક :- સ્વધા મજમુદાર**